SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-2, April to June : 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ‘બંદગી’ની સમીક્ષા

*ડૉ. ભીખાભાઈ ગોવાભાઈ સોલંકી*

પ્રસ્તાવના

ભક્તિરસના કવિ અને ભક્તિભાવસભર ગઝલકાર તરીકે જાણીતા આ કવિ મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'; 'સરોદ'નું યોગદાન સાહિત્ય ક્ષેત્રે સહેલાઈથી વીસરાવું ન જોઈએ ,ત્યારે કવિ ગાફિલની ગઝલો શયદાકાળની બાનીને અનુસરે છે .એકંદરે એ ગીત ભજનના ભાવ વિશ્વનું જ સ્વરૂપાંતર છે. ગીત ભજનમાં રહેલી દ્વિધા ગઝલમાં પણ ડોકાય. 'બંદગી' ના સર્જક 'ગાફિલ'મનુભાઈ ત્રિવેદીએ ઇ .સ .1973 માં ગઝલ સંગ્રહ પ્રગટ થયેલ છે. મનુભાઈ ત્રિવેદી ઇ .સ .1972માં અવસાન પામ્યા હતા. પરંતુ આ ગઝલ સંગ્રહની પ્રેસ કોપી તૈયાર કરી રાખી હતી. 135 ગઝલની પાઇપ કોપી કરાવી હતી અને થોડી તાજી ઉમેરવાની હતી પણ ત્યાં મનુંભાઈનું આકસ્મિત અવસાન થયું. તેમણે તૈયાર કરેલ ગઝલોમાથી 61 ગઝલ અને થોડા મુક્તકો મકરંદ દવેએ પસંદ કર્યા. તેમાં અમૃત 'ઘાયલ' નો પૂરેપૂરો સાથે સહકાર મળ્યો હતો.

'ગાફિલ' ના ઉપનામે 'બંદગી' નું સર્જન કરનારા કવિ પ્રકૃતિના અને શ્રધ્ધામાં માનવાવાળા જીવ હતા. તેમનું આખું જીવન આધ્યાત્મ પ્રેદેશમાં વણાઈ ગયું હતું.તેમની જિંદગી ભક્તિ-ભાવમાં રંગાઈ ગઈ હતી. પણ ક્યારેક -ક્યારેક તે ગઝલોની દુનિયામાં ડોકું કરી,ભક્તિની સાથે -સાથે મનુંભાઈને શાયરીનું આકર્ષણ થઈ આવતું કારણ કે મનુભાઈ ઉપર મીરાંબાઇની અસર જોવાં મળે છે. જ્યારે મીર તરફનું આકર્ષણ મનુભાઈને હતું. એક તરફ ભક્તિના રંગથી ભજનો તો બીજી તરફ મીરની અસરથી ગઝલ રચતાં હતા,

"ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ ગાફિલ?,
અહીં ખેંચે છે મીરાંબાઇ તો ત્યાં મીર ખેંચે છે." (પૃષ્ઠ-14)

ઉપરના શેરમાં મીરાંબાઇની શુધ્ધ ભક્તિ ઉપર મીરના મસ્ત મિજાજનો પુટ ચડતા મનુંભાઈનો ભક્તિભાવ જાણે વધારે સુઘટ બને છે .તેમના માટે મીરનું ખેંચાણ માત્ર ગઝલના સ્વરૂપ પુરતું મર્યાદિત નથી .

ઘણા સર્જકો આપણી સામે નવીન દ્રષ્ટિનો સમુધ્ધ વિસ્તાર નથી પાથરી શકતા પણ ,હ્રદયના ઊંડાણમાં જોરદાર ઘા મારે છે કે પાતળ પાણી ઝબકી ઊઠે; આપણાં લોક ભજનિકોની વાણીમાં આવું કામણ છે અને 'ગાફિલ' તેના સીધા વારસ હોય એમ લાગે છે .તેઓ આસાનીથી ગહન વાત કહેતા કે ...

'સમજવી છે સહેલી સાવ તંબૂર તારની સીમા ,
પરંતુ સાવ સમજણ પાર છે ઝંકારની સીમા " (પૃષ્ઠ-62)

આધ્યાત્મિક પ્રદેશના યાત્રી હોવાથી તંબૂર તારની સીમા ઉપરાંત તેનાથી નીકળતા સૂરોથી જાણકાર છે. આપણું શરીર એક તંબૂરતાર રૂપી છે.પરંતુ તેને સમજવા માટે દિવ્ય દ્રષ્ટિ જોઈએ .આ દ્રષ્ટિ મેળવવાથી આપો આપ બધી સીમા સમજાઈ જશે ,એવી ગહન વાત 'ગાફિલ' આપણને તેમની ગઝલમાં બતાવે છે,

'ગાફિલ' ના હ્રદય માં અનેક મુંઝવણો થાય છે કે આ જીવનની જે કરુણતા છે તે શા માટે ? એની જવાબદારી કોની ? માનવી એકાંકી શા માટે છે ? એની પોતાની ઓળખ કેમ થતી નથી ? આવા કઈક પ્રશ્નો એમને મુજવતા હતા તેથી તો____


*ડૉ. ભીખાભાઇ ગો. સોલંકી, આચાર્યશ્રી સૌરભ આર્ટસ કોલેજ –વિસણવેલ ગડુ, તા-માળીયા-હાટીના જિ.-જૂનાગઢ-૩૬૨૨૨૫, મો-૯૮૭૯૫૬૭૬૪૪*

'માનો છો દેહ જેને એક ઢેર ધૂળનો છે ;
આ જીવતું દફન છે ;કોની જવાબદારી ?''(પૃષ્ઠ-10)

તો વળી ----

''ન ફાવ્યુ તો ગયાં કરમાઈ પુષ્પો પાનખર આવ્યે ;
ખરી શકતા નથી કંટક ;એ દુખિયારાએ ક્યાં જવું. '' (પૃષ્ઠ-09)

પછી --

'' મોત શું છે ને જન્મ પણ શું છે ?;
શું કઈ છેકછાક ચાલે છે,?''(પૃષ્ઠ-27)

ઉપર ની બધી મુઝવણો અને આ અનુરૂપ રહેવા સર્જાયેલા પ્રશ્નો છતાં 'ગાફિલ' હતાશ નહોતા થયા .તેમણે અડગ શ્રધ્ધા હતી .જે પરિસ્થિતિમાં જેનું નિર્માણ થાય તેવી જ પરિસ્થિતિમાં રહેવું જોઈએ. માલિક તરફથી જે કાઇ આપે તેમાં ખુશી ખુશી જ હોય છે ,પછી માગવનું રહે ક્યાં એટલે તો તેઓ કહી શક્યાં...

''કાંઠે ઊતરતા કહેવું પડ્યું વિશ્વ સિંધુને,
જીવન ગમ્યું , જુવાળ ગમ્યો ,જાતરા ગમી,''(પૃષ્ઠ-25)
''અમને ભલા શું હોય ખુશી ,હોય ય ગમી,?
એણે દીધી ,સ્વીકાર કર્યો ,એ દશા ગમી ,'' (પૃષ્ઠ-25)

અને ---

''એવું છે એક દિલ; જે સદા મહેરબાન છે ;
માટે ફિકર શો; હાથમાં એના સૂકાન છે ,''

''ગાફિલ''ની ગઝલોના ઘણા શેર સંકેતથી અંદરના અર્થ પુષ્ટિ કરી આપે છે ,જેમકે ---

''જ્યારે હવેલી સાવ ધરાશાયી થઈ રહી,
ત્યારે ખટુકશે ખાટ .હવે કેટલો વખત .?'' (પૃષ્ઠ-68)

અને વળી ----

''પગરણ થઈ ચૂક્યાં છે, હવે પાનખર તણા ,
ફૂલડાઓ ફાટ -ફાટ હવે કેટલો વખત ,?''(પૃષ્ઠ-68)

ઉપરના શેર દ્વારા ''ગાફિલ ''એક આંગળી હૃદય તરફ બતાવી કહે છે ;કે ખાટ અંદર ખટુક્તી સંભળાયા કરે છે, પણ માત્ર સાંભળીને બેસી રહેવા પૂરતો એમનો ઇરાદો નથી ,પરંતુ એ ખાટ પર કોણ બેઠું છે? કોણ હંમેશા સુખ અને દુ',ખના હીંચકા ખાધા કરે છે? હમણાં જ એ કદાચ કડડભૂસ કરતી તુંટી નહીં પડે?ત્યારે શું થશે?એ ખાટ પર અહમને બદલે કોને બેસાડવા જોઈએ ?આ હવેલીનો માલિક કોણ છે? કોનો હકદાવો તેના પર લાગુ પડે છે?આવા અનેક પ્રશ્નોને કોર્ટમાં દલીલો સાથે સાંભળી ચૂકેલા ''ગાફિલ'' તેનો જવાબ આપે છે,

'' દુનિયાએ હક ઉઠાવી લીધો કૈ,દલીલ બાદ,
ગાફિલનું દિલ તમારું કર્યું,મે તે શું કર્યું?''

'ગાફિલ' ની ગઝલ માં ત્રણ મુખ્ય સૂર સંભળાય છે. સંપૂણ નિર્ભરતા, વિયોગ અને વ્યથા ,તેમની ગઝલમાં મિલનનો ચકચૂર કેફ જોવા મળે છે,તો કેટલીક ગઝલ તગજુલમાં નહીં પણ ફિલસૂફીના વાતાવરણમાં રચાયેલી છે. નરસિંહ અને મીરાંની જ નહીં ઉપનિષદકાળના ઋષિઓની વાણીનું વાતાવરણ 'ગાફિલ' ને આત્મપ્રતીત હતું, જ્યાં સુધી મનુષ્ય વાસનામાંથી મુક્ત થતો નથી, ત્યાં સૌથી એનામાં સત્ય પ્રગટ થતું નથી. તે માત્ર પડછાયો જ રહે છે. માણસમાં અહમ અને

તૃષ્ણાનું ભૂત સવાર થઇ જાય છે.ત્યારે તેનું આત્મબળ ઢંકાઇ જાય છે અને કાળા પડછાયાની જેમ તે ચારે તરફ ભટકે છે. તેની વાત 'પડછાયો'નામની ગઝલમાં કરી છે.

''શરીર છે કે છે થીજી ગયેલો પડછાયો,!
દઈ રહ્યો છે દિવસ રાત તેલ પડછાયો,!
જીવનને ખર્ચી દઈ સારાં નરસા કાર્યોમાં,
રળી રળીને રળ્યા હું? રળેલ પડછાયો!''(પૃષ્ઠ-23)

અને પછી ----

''ગણો જે સત્ય તમે એ યે ભાસ છે; ગાફિલ;
ખુદાનું નામ લઈને નમેલ પડછાયો,''(પૃષ્ઠ-23)

જ્યાં સુધી માણસમાં કોઈ કામના છે , ત્યાં સુધીનો પડછાયો છે;એનામાં સત્ય બહાર આવતું નથી. પોતાને નામ શેષ કર્યા વિના જે પરમાત્માનું નામ; તેનું અંધારું ટળતું નથી .પ્રકાશ તો પોતાને સદંતર ખાલી કરી નાખ્યાં પછી જ થાય;આમ અહમને ઓગાળી નાખવો પડે માટે કહે છે કે ----

''રોનક ને રોશની જે જુઓ; ઘરની એ નથી ;
એનો થયો મુકામ તો ઝળઝળ મકાન છે .''

'ગાફિલ'ની ગઝલની વિશેષતા તેના હમરદીફ અથવા હમકાફિયાની પસંદગીમાં છે. રદીફ અને કાફિયા ઓગળી જઇને હમરદીફ અને હમકાફિયામાં એકાકાર થઈ જાય છે; જૂઓ ---

''જુદી જિંદગી છે મિજાજે મિજાજે ;
જુદી બંદગી છે નમાજે નમાજે;
છે એક જ સમંદર થયું એટલે શું?;
જુદા છે મુસાફર જહાજે જહાજે .''

તો વળી ;

''હઠી જાય ઘુંઘટ;ઢળી જાય ઘુંઘટ;
જુદી પ્રીત જાગે; મલાજે મલાજે.''

આમ,હમરદીફને બેવડાવવાનો તેમનો પ્રથમથી જ ઇરાદો હશે. હમરદીફની પસંદગીમાં બીજી વિશિષ્ટાએ છે; કે આ હમરદીફ અરબ,ઉર્દુ અને ફારસી ભાષાના છે.તેમાં સમંદરને પ્રતીકાત્મક રૂપે જોઇએ તો પણ સમગ્ર વિશ્વનો તરત ખ્યાલ આવે છે કે વિશ્વના માણસો મુસાફરો છે.પરંતુ આ મુસાફરો પોતાની સૂજ-બૂજ કર્મની ગતિ પ્રમાણે કાર્ય કરે છે.તે અભિપ્રેત છે. 'ગાફિલ' બીજા શેરમાં જીવન અને મૃત્યુનું તત્વજ્ઞાન નિર્દેશતા બતાવવા છે.

''જીવન જેમ જુદા છે કાયામાં જુદી;
છે મૃત્યુ ય જુદા;જનાજે જનાજે .''

ઉપરોકત શેરમાં ;ગાફિલ' જીવન અને મૃત્યુ વચ્ચે કેટલું અંતર છે. કેટલો તફાવત છે! જીવન અને મૃત્યુ એકબીજાની સામે-સામે ઊભેલા છે. જીવન જીવવાની પ્રણાલિકા સૌની જુદી છે. જીવનના જેમ અનેક પ્રકારો છે; તેમ મૃત્યુના પણ અનેક પ્રકારો છે. માણસે -માણસે જીવન જીવવાની કળા જુદી-જુદી હોય છે; તેમ આ ભૌતિક જગતમાં મૃત્યુના કારણો પણ જુદા-જુદા હોય છે. છતાં જીવન અને મૃત્યુના રહસ્યોને સાવ ઉઘાડા નહીં પાડીને તેનો મલાજો રખાયો છે.

'ગાફિલ' પોતાના જીવનનું સુકાન પોતે સંભાળતા હોય; તેમ તેઓ કહેતા ----

''મારો જીવન બગીચો શું છે;બાગબાન છે;
ગઝલો જે ગાઉં છુ ;એના ગુનોનું બયાન છે.''

તો વળી----

"દીવાનને ક્યારે જમાનાએ માર્યો;
જમાનાને કાયમ દીવાનાએ માર્યો."(પૃષ્ઠ-28)

અને છેવટે----

"થયો છેવટે ગુમ; ગઝલમાં જ 'ગાફિલ';
તરન્નુમ;તવવ્વુફ;તરાનાએ માર્યો. "(પૃષ્ઠ-25)

અંતે 'ગાફિલ'ની ગઝલમાં જે મિજાજ જોવા મળે છે;તે સાહજિક છે. એમને ક્યાંય શબ્દ શોધવા જવું પડ્યું હોય એમ જણાતું નથી. ગઝલ ક્ષેત્રે પ્રયોગલક્ષી વલણ દાખવ્યું નથી. પણ જે સચ્ચાઈ અને સ્વરૂપ સભાનતા દાખવ્યાં છે. તેમના ભજનની જેમ ગઝલમાય એમનો પરમ તત્વને પામવાળો આત્મા જ જોવા મળે છે. તેમની સીધી સાદી વાણી ભાવક્ના ર્હદયમાં સીધી સોસરી ઊતરી જાય તેવી અભિવ્યકિત અને ભાવની છોળ કોઈના પણ દિલને પીગળી નાખે તેવી છે

સંદર્ભ -સૂચિ –

(1)ગઝલ; શિલ્પ અને સર્જન ડો. જયંત વ્યાસ
(2)કવિતાની ત્રિજ્યામાં ડો, ચંદ્રકાંત શેઠ
(3)ગુજરાતી સાહિત્યના સ્વરૂપો : પ્રા.મંજુલાલ ર. મજમુદાર
(4)'બંદગી' મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'
પ્રકાશન ;શિવજી આશર વોરા એન્ડ કંપની ગાંધી ચેમ્બર્સ
ગાંધી માર્ગ -અમદાવાદ -1
પ્રથમ આવુતિ -1973
(5)અમૃત 'ધાયલ' તા. 10/04/1998 માં તેમના નિવાસ સ્થાને
દેવખમી;16; ભક્તિનગર સોસાયટી -રાજકોટ -360001
ના રોજ થયેલ મુલાકાતના સંસ્મરણો